ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૬ ડીગ્રી
લઘુતમ : ૨૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૩૫ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં વિશ્વ મહિલા દિન ઉત્સાહપૂર્વક ઉજવાયો

વિવિધ શાળા-કોલેજ-સંસ્થાઓ દ્વારા ઉત્સાહપૂર્વક વિશ્વ મહિલા દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૯

● **શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી-ભાટ**

વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. ગીતિકા સલુંજા, પૂર્વી શાહ, અભિનેત્રી બ્રિન્દા ત્રિવેદી, પૂજા વાઘેલાની વિશેષ ઉપસ્થિતિમાં પ્રસંગોપાત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

● **વ્રજ ઈન્સ્ટિટ્યુટ ઓફ નર્સિંગ, ચિલોડા**

સંસ્થાના જી.એમ.એન. અને એ.એમ.એન.ના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજમાં મહેંદી સ્પર્ધા, પોસ્ટર મેકિંગ અને સમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિલોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર બંસરી પંચાલ ઉપસ્થિત રહ્યા હતા અને વકતવ્ય આપ્યું હતુ. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના અધ્યાપકગણ અને વિદ્યાર્થીઓએ કર્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ રીતેશ જેઠી સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

● **શાહપુર પ્રાથમિક શાળા, ચિલોડા**

વિશ્વ મહિલા દિન નિમિત્તે શાળામાં માતૃવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વકતા તરીકે શાહપુર ગામના બ્રહ્માકુમારી કેન્દ્રના બી.કે. જયશ્રીબેન, તાલુકા પ્રા.શિક્ષણાધિકારી સુધાબેન, આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન, એસ.એમ.સી. અધ્યક્ષ શિલ્પાબેન, બી.આર.સી. કો. ઓર્ડિનેટર પંકજભાઈ, શાહપુર ગામના ડે. સરપંચ તથા અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા મનિષાબેન પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

● **એ.વી.વી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ**

સ્કૂલ તરફથી દરેક બાળકની માતા તથા શિક્ષક વચ્ચે એક સેતુ બની રહે તે હેતુથી શિક્ષકો તથા મમ્મીઓનું સાથે સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં બધી જ મમ્મીઓને સુંદર મજાનો મેકઅપ કરી, હેર સ્ટાઈલ કરી, સ્ટેજ પર્ફોમન્સ કરવામાં આવ્યું હતું. તથા ગેમ્સ રમી પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા.

● **જલારામ મહિલા મંડળ**

જલારામ મહિલા મંડળ દ્વારા ઓનલાઈન ફરાળી વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સાધનાબેન પરમારે સેવા આપી હતી. જેમાં વિજેતા થયેલી બહેનોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે રૂપલબેન લાખાણી, દ્વિતીય નંબરે સુકન્યાબેન ઠકકર, તૃતીય નંબરે નીતાબેન ધોકઈ તથા ચોથા નંબરે ખશ્બુ ઠકકરને વિજેતા જાહેર કર્યા હતા.

● **બ્રહ્માકુમારી ઉર્જાનગર સેવાકેન્દ્ર**

આ સંસ્થા દ્વારા 'મહિલા પરિવર્તનની ચાવી' વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેવા કેન્દ્ર સંચાલિકા રંજનદીદી, લીલાબેન અંકોલિયા, ડૉ. ભાવનાબેન પટેલ, તુલિકાબેન મુખરજી, ભૂમિકાબેન જાની, ડૉ. દામિનીબેન, ખુશ્બુબેન, બીનાબેન દ્વારા કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો.

● **મહિલા આઈટીઆઈ**

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. સંસ્થા સાથેના એમઓયુ અંતર્ગત પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી ફેવીકીલ આર્ટ ફોર્મ ડેમો વર્કશોપ યોજાયો હતો. જેમાં સંસ્થાની મહિલા તાલીમાર્થીઓને વિવિધ પ્રકારના કાપડ, બેગ, બોટલ્સ, કેનવાસ વગેરે પર પેઈન્ટીંગ, લીકવીડ એમ્બ્રોઈડરી, વરલી આર્ટ વગેરે શીખવ્યું હતું. આ પ્રસંગે સ્વસ્તિ શર્માને કોર્પોરેટ ટ્રેનર તરીકે આમંત્રિત કર્યા હતા. આ ઉપરાંત હેર કટ અને સ્ટાયલીંગ સ્પર્ધામાં વર્લ્ડ રેકોર્ડ બનાવેલ વિજેતાઓને સર્ટીફીકેટ, ગીફટ વાઉચર, બ્યુટી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● **જે.એમ.પી. ગોપાલક સ્કૂલ**

ધોરણ-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને સ્ત્રી સશકિતકરણ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં અંજનાબેન રાઠોડ, અલ્પાબેન પરમાર, હિનાબેન ત્રાપસિયા, આરતીબેન પરમાર, અને અનેરીબેન પટેલ, ગૌરવભાઈ તથા ભાવેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમાં ગૌરાંગ રાણા દ્વારા સેલ્ફ ડિફેન્સ શીખવવામાં આવ્યું હતું અને અલ્પ હ્યુમન બીઈંગ ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા ચોપડા અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટી જગતભાઈ શાહ, મહેન્દ્રભાઈ પ્રજાપતિ પ્રકાશભાઈ વાઘેલાએ આભાર વ્યકત કર્યો હતો.

● **ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ**

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ અને રાજપૂતાણી કેળવણી મંડળ ટ્રસ્ટ દ્વારા મહિલા કેન્સર જાગૃતિ ફ્રી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ ભાવેશ પારેખ (શેલ્બી હોસ્પિટલ)ના સહયોગથી કેન્સર જાગૃતિ અને નિરોગી સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નિરોગી સ્વાસ્થ્ય માટે અંધશ્રધ્ધા નાબુદી અને વ્યસન મુકિતનું માર્ગદર્શન રણજીતસિંહ જાડેજાએ આપ્યું હતું. શેલ્બી હોસ્પિટલ તરફથી બહેનોને અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો તે બદલ મહિલા મંડળના પ્રમુખ સુશીલાબાએ તમામનો આભાર વ્યકત કર્યો હતો.

● **બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન**

ગાંધીનગરની રૂપાલ સ્થિત તાલીમ સંસ્થા ખાતે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં RSETI દ્વારા સ્વ-સહાય જૂથની ૫૭ બહેનો માટે ૬ દિવસના બે સર્વલક્ષી ઉદ્યોગ સાહસિકતા વિકાસની તાલીમો શરૂ કરવામાં આવી હતી. મહિલા તાલીમાર્થીઓ માટે આરબીઆઈ અમદાવાદ દ્વારા ડિજિટલ બેકિંગ E-BAAT પર શિબિરનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે મનિષ પાલન, ક્ષેત્રિય પ્રબંધક-બેંક ઓફ બરોડા, ગાંધીનગર ક્ષેત્ર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા તેમજ અમદાવાદ બેકિંગ વિભાગથી પધારેલ આસીસ્ટંટ મેનેજર,ઐશ્વર્યા નેટવાને અને અજય સોની દ્વારા માહિતી આપવામાં આવી હતી. તથા તાલીમાર્થીઓને નાની ભેટનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે બરોડા આરસેટી, નિયામક, પ્રદીપ ઘોઘરા તથા સંસ્થાના કર્મચારીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

● **બ્રહ્માકુમારી સે-૩**

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સે-૩ ખાતે ૬ માર્ચે વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત 'મહિલાયે-નયે ભારત કી ધ્વજવાહક' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સીનીયર એડવોકેટ બિંદુબા રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. સે-૩ સેવા કેન્દ્રના સંચાલિકા સુનિતાદીદીએ આમંત્રિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું અને પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સર્વે મહિલાઓને મહિલા જાગૃતિ માટેનું સાહિત્ય અર્પણ કર્યું હતું આ કાર્યક્રમને અંતે સર્વે માટે અલ્પાહાર રાખવામાં આવ્યો હતો. આઝાદીની ચળવળમાં શહીદ થયા હતા તેમના આત્માની શાંતિ માટે ૨ મિનિટ મૌન પાળવામાં આવ્યું હતું.

● **સાબરમતી સમૃધ્ધિ સેવા સંઘ**

પેથાપુર, સાબરમતી સમૃધ્ધિ સેવા સંઘ દ્વારા 'આજની સમાનતા કાલની ઉજ્જવળતા' વિષય પર મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૨૫૫ મહિલાઓ ગુજરાતથી ઉપરાંત સંસ્થાના સભ્યોએ ભાગ લીધો હતો.

● **રેલવે પોલીસ ફોર્સ**

રેલ્વે પોલીસ ફોર્સ, રેલ્વે વિભાગ, ગાંધીનગર અને ચાઈલ્ડલાઈન ૧૦૯૮ દ્વારા મહિલાઓના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આર.પી.એફ.વિભાગના પોલીસ ઈન્સ્પેકટર શકિતસિંહ રાજપૂત દ્વારા ઈનામ વિતરણ રાખવામાં આવ્યું હતું.

● **દાંડિ કુટિર સંગ્રહાલય**

દાંડી કુટિર સંગ્રહાલયમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે મીનીબહેન જોસેફ, આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ, કાઈમબ્રાંચ મહિલા સેલ, અમદાવાદ હાજર રહ્યા હતા તેમજ એક્ષપોઝિશન અને કન્વેન્શન અમદાવાદમાંથી ધ્રુતીબેન દવે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં આઈઆઈટીમાંથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

● **કોટેશ્વર ગામ**

વોર્ડ નં.૧૧ કોટેશ્વર ગામ ખાતે ગાંધીનગર શહેર મહિલા સંગઠન દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે મેડલ તેમજ ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને શહેર મહિલા સંગઠન તેમજ શહેર ઉપપ્રમુખ નરેશભાઈ પટેલે ઉપસ્થિત રહીને સફળ બનાવ્યો હતો.

● **જિલ્લા રેડક્રોસ શાખા**

વિશ્વ મહિલા દિન નિમિત્તે જિલ્લા રેડક્રોસ શાખા દ્વારા એચઆઈવી પોઝિટિવ દીકરીઓ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રેડક્રોસ મહિલા પાંખના ડૉ.એકતા પટેલ, કલ્પનાબેન ધોળુ, હર્ષાબા ધાંધલ દ્વારા કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો.

● **સરસ્વતી ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસ**

વિશ્વ મહિલા દિનની ઉજવણીમાં ડૉ. સોનલ જોષી દ્વારા વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ આપવામાં આવી હતી.

● **વસતી ગણતરી કચેરી, ભારત સરકાર**

વિશ્વ મહિલા દિન નિમિત્તે વસતિ ગણતરી કચેરી, ભરત સરકાર, ગુજરાત એકમ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આદ્રા અગ્રવાલ, આઈ.એ.એસ. દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓને લગતી વિવિધ અધિકારો અંગેની માહિતી આપવામાં આવી હતી.

● **બ્રહ્માકુમારી, વાવોલ**

બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર, વાવોલ દ્વારા નિઃશુલ્ક મેડિકલ ચેકએપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓની વેલ્યુ ગેમ્સનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે રાજયોગીની બ્રહ્માકુમારી હંસાદીદી, કિષ્નાબેન પટેલ (યોગા ટીચર),સીતાબેન પટેલ (ઉદ્યોગપતિ મુકેશભાઈ પટેલના વાઈફ), પૂર્વ મેયર રીટાબેન, ડૉ. જાસ્મીનસિંઘ, ગાયનેક ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત ડાન્સ ભવ્યા દ્વારા કરવામાં આવ્યો હતો અને કેક કટીંગ દ્વારા આ દિવસની ઉજવણી કરાઈ હતી તથા પ્રાસંગિક પ્રવચનો આપવામાં આવ્યા હતા.

● **ગાંધીનગર શહેર મહિલા સંગઠન**

વિશ્વ મહિલા દિન નિમિત્તે ગાંધીનગર શહેર મહિલા સંગઠન દ્વારા મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

● **રગ્બી ફુટબોલ એસોસીએશન ઓફ ગુજરાત**

એલ.એસ.એ. ખાતે દીપ રાવલ, સેક્રેટરી તેમજ ઈવામીઝું યોહી, કોચ રગ્બી ગુજરાતની ઉપસ્થિતિમાં વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધિ મેળવેલી બાલિકાઓનું સર્ટીફીકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

● **ઊડાન ફાઉન્ડેશન**

ઊડાન ફાઉન્ડેશન ચેરમેન રમીલાબેન રાઠોડ દ્વારા સમાજે સેવાના ઊમદા કાર્ય કરનારી બહેનોને સન્માન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આપ મહિલા સેલના અધ્યક્ષ પાર્વતીબેન વડોદરિયા અને આશીષબેન ઝાલાને બિરદાવ્યા હતા.

● **સરકારી ઈજનેરી કોલેજ, સે-૨૮**



સરકારી ઈજનેરી કોલેજ, સે-૨૮ ખાતે આચાર્યા ડૉ. એસ.પી. દવેના માર્ગદર્શન હેઠળ વિશ્વ મહિલા દિનની ઉજવણી કરાઈ હતી. જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી રિધ્ધી શુકલ દ્વારા એડીટીવ મેન્યુફેકચરીંગ વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઓનલાઈન વેબીનારનું ઉદઘાટન મેટલર્જી વિભાગના વડા ડૉ.આઈ.બી. દવેની ઉપસ્થિતિમાં થયું હતું. આ વેબીનારના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો એચ.એચ.ઠાકર તથા ડૉ. એમ.એસ. દાની હતા.

● **એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ**

એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ, કુડાસણમાં સુંદર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકો અને તેમનાં મમ્મીઓએ વિવિધતામાં એકતાની થીમ ઉપર રેમ્પવોક કર્યુ હતું. આ કાર્યક્રમમાં સ્વાતિ રાઓલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના મેજમેન્ટ ટ્રસ્ટી પરીશા રાણાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

● **સેકટર-૨૬ ગ્રીનસીટી**

એફઆઈએ ભવન, ગ્રીનસીટી, સે-૨૬ ખાતે ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા એક વર્ષથી ચાલતા નિઃશુલ્ક યોગ કેન્દ્રમાં યોગ શિક્ષક ગાયત્રીબેન પટેલે ૩૦થી વધુ બહેનોને આસન કરાવ્યા હતા.